પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૬૯ | ૧૦ ડીસેમ્બર, ૨૦૨૦, ગુરૂવાર; કારતક વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ખેડૂતોએ સરકારનો લેખિત પ્રસ્તાવ ફગાવ્યો

**બિલ રદ્દ કરવાથી ઓછુ કંઇ જ ન ખપે : ખેડૂતોનો હઠાગ્રહ : ૧૨ ડિસેમ્બરે જયપુર-દિલ્હી હાઈવે બ્લોક થશે, અંબાણી-અદાણીની પ્રોડક્ટનો બહિષ્કાર કરીશું, ૧૪ ડિસેમ્બર સુધીમાં આંદોલનને વ્યાપક બનાવાશે : ખેડૂતો આક્રમક : આંદોલનકારી ખેડૂતો કૃષિ કાયદાઓ પરત ખેંચવા પર અડગ, સુધારા મંજૂર નથી**



ન્યુ દિલ્હી,તા.૯

વિવાદાસ્પદ બનેલા નવા કૃષિ કાયદાઓમાં ફેરફારો કરવાના કેન્દ્ર સરકારના પ્રસ્તાવનો ખેડૂતોએ સર્વાનુમતે અસ્વીકાર કર્યો છે. તૈયાર થયેલા પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (મિનિમમ સપોર્ટ પ્રાઈસ)ની હાલની પદ્ધતિ ચાલુ રાખવાની સરકારે લેખિતમાં ખાતરી આપી તે છતાં ખેડૂત સંગઠનોના આગેવાનોએ રચેલા સંયુક્ત કિસાન મોરચાએ પ્રસ્તાવને ફગાવી દીધો છે. સરકારે તેમને આ પ્રસ્તાવ આજે સવારે આપ્યો હતો.

તેઓ કૃષિ બિલને રદ કરવાની માંગ પર અડગ છે. તેઓનું કહેવું છે કે હવે સમગ્ર દેશમાં આંદોલનને ઝડપી બનાવાશે. અંબાણી-અદાણીની પ્રોડક્ટ અને ભાજપના નેતાઓનો બોયકોટ કરાશે. ખેડૂતો આગેવાનોનું કહેવુ હતું કે જે સુધારણા પ્રસ્તાવ સરકારે મોકલ્યો હતો તેને નામંજૂર કરી દેવાયો છે. તેમણે ચેતવણી આપી હતી કે નવા કૃષિ કાયદાઓને પાછા ખેંચવામાં નહીં આવે તો આંદોલનને ઉગ્ર બનાવીશું.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના દર્દીઓના ઘરની બહાર પોસ્ટર લગાવવા પર સુપ્રિમની રોક

**હોમ ક્વોરન્ટીન થતા લોકોને રાહત : સુપ્રિમનો રાજ્ય સરકારોને આદેશ : કેન્દ્રની ગાઈડલાઈનમાં ક્યાંય દર્દીના ઘર બહાર પોસ્ટર-સ્ટીકર લગાવવાનો ઉલ્લેખ નથી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ કાયદા અંતર્ગત આદેશ મળે તે પછી જ ઘરની બહાર કોવિડનું પોસ્ટર લગાવવું**

ન્યુ દિલ્હી,તા.૯

કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓના ઘરની બહાર સ્ટીકર લગાવવાના મામલે સુપ્રીમ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યોને નિર્દેશ આપ્યા છે કે કોઈ પણ રાજ્ય કોરોના સંક્રમિત દર્દીઓના ઘરની બહાર કોરોનાના પોસ્ટર લગાવી શકશે નહીં.




સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારની ગાઈડલાઈન માં સ્ટીકર લગાવવા સંબંધિત એવી કોઈ પણ વાત કહેવામાં આવી નથી. જો ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીનો આદેશ હશે તો જ ઘરની બહાર પોસ્ટર લગાવી શકાશે.

કોરોના પોઝિટિવ દર્દીઓના ઘરની બહાર લગાવવામાં આવતા સ્ટીકર્સને લઈને કુશ કાલરાએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. આ મામલે સુપ્રીમ કોર્ટે સુનાવણી હાથ ધરી હતી. અગાઉ સુપ્રીમ કોર્ટે આ મામલે આ પ્રકારના સ્ટીકરના કારણે દર્દીઓ સાથે અછૂત જેવુ વર્તન થતુ હોવાનું વડી અદાલતે નોંધ્યુ હતું. આજે આ મામલે વધુ સુનાવણી હાથ ધરતા સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યોને કડક આદેશ આપ્યા છે કે, જો ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીનો આદેશ ના હોય તો કોઈ પણ કોરોના પોઝિટિવ દર્દીના ઘરની બહાર કોરોનાના પોસ્ટર લગાવવા નહીં.

## સેન્સેક્સ ઓલટાઈમ હાઈ સપાટીએ

**સેન્સેક્સમાં ૪૯૪ પોઇન્ટ્સની છલાંગ સાથે ૪૬૦૦૦ની સપાટી પાર, નિફ્ટી ૧૩૬ અંક વધીને ૧૩૫૨૯ની સપાટીએ બંધ, કોરોના વેક્સિનની આશાએ માર્કેટ મજબૂત બનતાં મોટાભાગના શેરોમાં તેજી જોવા મળી**



મુંબઈ, તા. ૯

બુધવારે વિદેશી ભંડોળના સતત પ્રવાહ અને સકારાત્મક વૈશ્વિક વલણ વચ્ચે સેન્સેક્સ ૪૯૫ પોઈન્ટના ઉછાળા સાથે પ્રથમ વખત ૪૬,૦૦૦ પોઈન્ટના આંકને પાર કરી ગયો. બીએસઈના ૩૦ શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સે દિવસના કારોબાર દરમિયાન ૪૬,૧૬૪.૧૦ પોઈન્ટની નવી ટોચ પર પહોંચ્યો. સેન્સેક્સ અંતે ૪૯૪.૯૯ પોઈન્ટ અથવા ૧.૦૯ ટકાના વધારા સાથે ૪૬,૧૦૩.૫૦ પોઈન્ટના નવા રેકોર્ડ સ્તર પર પહોંચ્યો. એ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૧૩૬.૧૫ પોઈન્ટ અથવા ૧.૦૨ ટકાના વધારા સાથે ૧૩,૫૨૯.૧૦ પોઈન્ટના નવા રેકોર્ડ સ્તરે બંધ રહ્યો હતો. દિવસના કારોબાર દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૯૦૦થી વધુના મોત અને નવા બે લાખથી વધુ કેસ નોંધાયા.
- ટ્વીટર પર ૨૦૨૦માં અનુષ્કા-વિરાટની પ્રેગ્નન્સી એનાઉન્સમેન્ટ ટ્વીટને સૌથી વધુ લાઈક મળી.
- ખેડૂતોએ ડુંગળી નિકાસ પરનો પ્રતિબંધ દૂર કરવાની માંગ કરી.

## નિર્મલા સીતારામન વિશ્વની ૧૦૦-સૌથી પ્રભાવશાળી મહિલાઓની યાદીમાં

**જર્મનીની ચાન્સલર એન્જેલા મર્કેલ પ્રથમ સ્થાને જ્યારે બીજા સ્થાને ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી, કમલા હેરિસ ત્રીજા સ્થાને**

ન્યુ દિલ્હી,તા.૯

નાણા મંત્રી નિર્મલા સીતારમણ અમેરિકાના નવા ચૂંટાયેલા ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ, બાયોકોનના સ્થાપક કિરણ મઝુમદાર શો અને એચસીએલ એન્ટરપ્રાઈઝના સીઈઓ રોશની નાદર મલ્હોત્રાને વિશ્વની ૧૦૦ શક્તિશાળી મહિલાઓની ફોર્બ્સની યાદીમાં શામેલ કરવામાં આવ્યા છે. જર્મનીની ચાન્સલર એન્જેલા મર્કેલ સતત દસમા વર્ષે આ યાદીમાં ટોચ પર છે. ૧૭ મી વાર્ષિક ફોર્બ્સ પાવર લિસ્ટમાં ૩૦ દેશોની મહિલાઓ શામેલ છે.

ફોર્બ્સે કહ્યું, "તેમાં દસ દેશોની પ્રમુખ ૩૮ સીઈઓ અને મનોરંજન ક્ષેત્રની પાંચ મહિલાઓ છે. તેમની ઉંમર, રાષ્ટ્રીયતા અને જુદા જુદા વ્યવસાય હોવા છતાં, તેમણે ૨૦૨૦ ની પડકારોનો સામનો કરવા માટે તેમના પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરમાં એન્કાઉન્ટરમાં બે આતંકવાદી ઠાર કરાયા

શ્રીનગર,તા.૯

જમ્મુ અને કાશ્મીરના પુલવામા જિલ્લાના ટિકેન વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એક્રાઉન્ટરના અહેવાલો મળી રહ્યા છે. પ્રાપ્ત જાણકારી મુજબ,

**સુરક્ષા દળોને ટિકેનમાં આતંકી છુપાયા હોવાની જાણકારી મળી હતી, સર્ચ ઓપરેશન દરમિયાન એન્કાઉન્ટર**

એક્રાઉન્ટરમાં અત્યાર સુધી ૨ આતંકવાદી ઠાર મરાયા છે. ફાયરિંગમાં એક સ્થાનિક વ્યક્તિ પણ ઘાયલ થયો છે. સુરક્ષા દળોને ટિકેન ગામમાં કેટલાક આતંકવાદી છુપાયા હોવાની જાણકારી મળી હતી. ત્યારબાદ સેનાની ૫૫ આરઆર, સીઆરપીએફ અને સ્થાનિક પોલીસની એસઓજીએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. એવામાં પોતાને ઘેરાયેલા જોઈને આતંકવાદીઓએ ફાયરિંગ શરૂ કરી દીધું. ત્યારબાદ જવાબી કાર્યવાહીમાં સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર માર્યા છે. હાલ બંને તરફથી ફાયરિંગ ચાલુ છે. આ પહેલા જમ્મુ અને કાશ્મીરના નગરોટામાં નાકા પર સુરક્ષા દળોએ ઘૂસણખોરી કરી રહેલા જૈશ-એ-મોહમ્મદના ૪ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. મૂળે, સુરક્ષા દળોને બાન ટોલ પ્લાઝાની પાસે ચેકપોસ્ટ ઊભી કરી હતી. વાહનોની તપાસ દરમિયાન આતંકવાદીઓના એક સમૂહે સુરક્ષા દળો પર ફાયરિંગ શરૂ કરી દીધું. ફાયરિંગ બાદ

● અનુસંધાન પાન-૭ પર

જોઈએ છે
ફોરવ્હીલ ગેરેજ
લાયક દુકાન
અથવા શેડ
ભાડેથી જોઈએ છે.
(અંદાજીત ભાડુ ૧૫૦૦૦)
Mo. 8141886808
યશપાલસિંહ જાડેજા







## ભાવભીની અંજલિ



**હૃદયસ્થ - ડો. મયુરી વોરા**

પરિવારના મેળાવડામાંથી તમારી એકાએક હંમેશને માટેની વિદાયથી
પરિવાર અને મિત્ર મંડળ એકલપણાનો અહેસાસ કરે છે.
તમારી સાથે વિતાવેલ પળોની યાદ અમારા હૈયે કાયમ રહેશે.
મરણ અહીં છો રહ્યું, સ્મરણમાં વહે જીંદગી
ચિર શાંતિ માટે પ્રાર્થના

**વોરા પરિવાર I દિક્ષીત પરિવાર**
**તથા સમસ્ત મિત્ર મંડળ**
**જય સાયન્ટીફિક લેબોરેટરી**